પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૨૧૧ • કુલ પાના : ૪ • તારીખ : ૨૯-૦૪-૨૦૨૩ શનિવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ    EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

ભરઉનાળે ધોધમાર વરસાદ

## પાટણ, મહેસાણા, રાજકોટ અને કચ્છમાં ભારે પવન સાથે વરસાદ, કિસાનોને નુકસાન



અમદાવાદ,

ગુજરાતમાં ૩૦ એપ્રિલ સુધી હવામાન વિભાગે માવઠાની આગાહી કરી છે. ત્યારે આજે પાટણ, બનાસકાંઠા, મહેસાણા, રાજકોટ અને કચ્છ જિલ્લાના વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. આ જિલ્લાના અલગ અલગ વિસ્તારોમાં ભારે પવન અને કરાં સાથે વરસાદ વરસતાં ધરતીપુત્રોની ચિંતામાં ફરી એકવાર વધારો થયો છે. તો બીજી તરફ ભરઉનાળે વરસાદની સાથે વીજળી પડવાના કારણે રાણકી વાવ જોવા આવેલા એક પ્રવાસીનું મોત નિપજ્યું હતું.

હવામાન વિભાગની આગાહી વચ્ચે અમરેલી જિલ્લાના ધારી ગીર વિસ્તારમાં આજે સતત ત્રીજા દિવસે પણ કમોસમી વરસાદ વરસ્યો હતો. સરસીયા,ગોવિંદપુર,ફાસરીયા સહિત આસપાસના ગામડામાં વરસાદ પડી રહ્યો છે. તો ખાંભાના અનિડા, સમઢીયાળા સહિત ગામડામાં પણ વરસાદ વરસ્યો હતો. ગ્રામ્ય વિસ્તારમાં ધોધમાર વરસાદ વરસવાના કારણે ગામના રસ્તાઓ પર પૂરની માફક પાણી વહેતા થયા હતા. માવઠાના કારણે ધરતીપુત્રો ચિંતિત બન્યા છે. ખાસ કરીને કેરીનો પાક તૈયાર થવાની તૈયારીમાં છે ત્યારે જ માવઠું થતા કેરી પકવતા ખેડૂતો પણ ચિંતિત બન્યા છે.

હવામાન વિભાગની આગાહી વચ્ચે કચ્છ જિલ્લામાં સતત ત્રીજા દિવસે વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે. જિલ્લામાં ત્રણ દિવસથી છૂટોછવાયો વરસાદ વરસી રહ્યો છે. આજે પણ ભુજ અને અંજાર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં કમોસમી વરસાદ પડ્યો છે. અંજારના રત્નાલ ગામે કરા સાથે પોણો કલાક સુધી વરસાદ ખાબક્યો હતો, જેને લઈ એક ઈંચ જેટલું પાણી પડી ગયું છે. લોકોએ ગામમાં ચાલતી કથાને લઈ વરસાદ બંધ રહે એ માટે મંદિરમાં આરતી પણ કરી હતી. ત્યાર બાદ ઈન્દ્રદેવે જાણે પ્રાર્થના માન્ય રાખી હોય એમ વરસાદ બંધ થયો હતો.

પાટણ જિલ્લાના હારીજ તાલુકાના વાતાવરણમાં આજે બપોરના સમયે અચાનક પલટો આવ્યો હતો. અહીં ભારે પવન સાથે વરસાદ વરસતાં હારીજ માર્કેટિંગ યાર્ડમાં અફરાતફરી મચી હતી. હારીજ માર્કેટિંગ યાર્ડમાં હરાજી માટે આવેલી ૪૫૦૦થી વધુ બોરી એરંડા સહિતના પાકોની આવક થઈ હતી, જેમાં ૨૫૦૦થી વધુ બોરી ધોધમાર વરસાદને કારણે પલળી જતાં વેપારીઓ અને ખેડૂતોએ નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

બનાસકાંઠા જિલ્લાના બોર્ડર વિસ્તારનાં ગામડાંમાં આજે કરા સાથે વરસાદ વરસ્યો હતો. ધાનેરા, બાપલા, કુંડી, વાછોલ, માંડલ સહિતનાં ગામડાંમાં ગાજવીજ અને કરાં સાથે માવઠું થતાં ધરતીપુત્રો ચિંતિત બન્યા છે.

ઉત્તર ગુજરાતમાં પાટણ અને બનાસકાંઠા ઉપરાંત મહેસાણાના જોટાણામાં પણ માવઠું થયું હતું. ભારે પવન સાથે ધોધમાર વરસાદ વરસતાં રસ્તાઓ પર પાણી વહેતાં થઈ ગયાં હતાં. આકરી ગરમી વચ્ચે વરસાદ વરસતા લોકોએ તો ગરમીમાં રાહત અનુભવી હતી. તો બીજી તરફ માવઠાને કારણે ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે.

રાજકોટમાં બપોર બાદ વાતાવરણમાં પલટો આવ્યો હતો. શહેરના ૧૫૦ ફૂટ રિંગ રોડ, મવડી ચોકડી, અયોધ્યા ચોક સહિતના વિસ્તારોમાં કમોસમી વરસાદનું ઝાપટું વરસ્યું હતું. વરસાદી ઝાપટાથી રસ્તાઓ પર પાણી વહેતાં થયાં હતાં. બફારા બાદ વરસાદી ઝાપટું પડતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૨મી મેં ના રોજ ગુજરાત આવશે



અમદાવાદ,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી ગુજરાત આવશે. આગામી ૧૨મી મે એ વડાપ્રધાન મોદી ગુજરાત આવશે અને ગાંધીનગર ગિફ્ટ સિટી ખાતે આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. પીએમ મોદી અખીલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘ અને ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના કાર્યક્રમમાં હાજરી આપશે. ગિફ્ટ સિટી ખાતે શૈક્ષિક સંઘનું ૨૯મું અધિવેશન યોજાવાનું છે. પીએમ મોદી આ અધિવેશનમાં હાજરી આપવાના છે. આ અધિવેશનમાં ૧ લાખથી વધુ શિક્ષકો હાજર રહેશે. ત્યારે પીએમ મોદીની ઉપસ્થિતિને લઈને શિક્ષકોમાં પણ ઉત્સાહનો માહોલ છે.

આ અગાઉ વડાપ્રધાન મોદી ૨૫ એપ્રિલે સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણના પ્રવાસે હતા. આ દરમિયાન તેમણે કરોડોના વિકાસકાર્યોની સોગાત આપશે. વડાપ્રધાન મોદી તેમના મેરેથોન પ્રવાસ અંતર્ગત સૌપ્રથમ તેમણે દાદરાનગર હવેલીની મુલાકાત લીધી હતી. અહીં તેમણે નમો મેડિકલ કોલેજનું ઉદઘાટન કર્યુ હતુ.

વડાપ્રધાન મોદીએ સેલવાસમાં નિર્માણ પામેલ અત્યાધુનિક નમો મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટનું ઉદ્દઘાટન કર્યુ ત્યારબાદ તેઓ કુલ ૪૮૫૦ કરોડની ૯૬ વિવિધ વિકાસલક્ષી યોજનાઓનો શિલાન્યાસ અને લોકાર્પણ કરશે. સેલવાસથી વડાપ્રધાન મોદી સીધા જ દમણ રવાના થયા હતા. અહીં પીએમ મોદી સાંજે ૬ વાગ્યે મેગા રોડ-શો કરશે. જે બાદ તેઓ દેવકા સી ફ્રન્ટનું ઉદ્ઘાટન કરશે.

સૌપ્રથમ વાત કરીએ તો નમો મેડિકલ કોલેજ વડાપ્રધાન મોદી સંઘપ્રદેશના લોકોને મેડિકલ કોલેજની મહત્વપૂર્ણ ભેટ આપશે. જાન્યુઆરી ૨૦૧૯માં આ સંસ્થાનો શિલાન્યાસ પણ વડાપ્રધાન મોદીએ જ કર્યો હતો. આ મેડિકલ કોલેજ મળવાથી સંઘપ્રદેશ ઉપરાંત આદિવાસી અને ગ્રામ્ય વિસ્તારોના વિદ્યાર્થીઓ ઘરઆંગણે જ મેડિકલ કોલેજમાં અભ્યાસ કરી ડોક્ટર બનવાનું સપનું પૂરું કરી શકશે. જેના કારણે દાદરા નગર હવેલીના ડોકટર બનવા માંગતા મેડિકલ ફેકલ્ટીના વિદ્યાર્થીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

નમો મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટમાં ૧૮૦ જેટલી કુલ મેડિકલ સીટ છે. જે પૈકી દાદરા નગર હવેલી અને દમણ-દીવ માટે ૧૪૨ રિઝર્વ સીટ છે. કુલ ૩૫ એકરમાં ફેલાયેલી નમો મેડિકલ કોલેજના નિર્માણ પાછળ કુલ ૨૬૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. નમો મેડિકલ કોલેજમાં હોસ્ટેલ ફેસેલિટિઝ સાથે અદ્યતન સંશોધન કેન્દ્રો, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય જર્નલ્સની સુવિધા સાથે સજ્જ સેન્ટ્રલ લાઈબ્રેરીની સુવિધા છે.

આગ્રાના તાજમહેલના ૨૨ ગુપ્ત ભોંયરાને લઈને વિવાદ

## ઘણા હિન્દુ સંગઠનો તાજમહેલને તેજો મહાલય મંદિર અને ૧૧મી સદી જૂના મંદિર તરીકે ઓળખાવે છે



આગ્રા,

દુનિયાની સાતમી અજાયબી એવો આગ્રાનો તાજમહેલ ઘણા રહસ્યો લઈને અડીખમ છે.આવું જ એક રહસ્ય તેના ગુપ્ત ૨૨ ભોંયરા છે. ગત વર્ષે આ ૨૨ રુમ ખોલાવવા માટે અલ્હાબાદ હાઈકોર્ટમાં અરજી થઈ હતી. અરજદારોને એ જાણવામાં રુચિ હતી કે ગુપ્ત રુમમાં શું છે તે બહાર આવે. પરંતુ હવે તેનો ખુલાસો થયો છે. તાજમહેલના આ રૂમોની મુલાકાત લેનારા પુરાતત્વવિદ કે.કે.મોહમ્મદનો દાવો છે કે તેઓ એવા થોડા લોકોમાં સામેલ છે જેઓ ૨૨ રુમમાં જઈ આવ્યાં છે. તેમની સાથે કેટલાક મુસ્લિમ લોકો પણ હતા, જ્યારે બાકીના મોટા ભાગના હિન્દુ હતા.

તાજમહેલના ભોંયરામાં મૂર્તિઓની વાત પર કેકે મોહમ્મદનું કહેવું છે કે આ બધી વસ્તુઓ એક્સ્ટ્રીમ ગ્રુપ્સ દ્વારા કરવામાં આવે છે. ત્યાં ૨૨ ઓરડાઓ છે, પરંતુ તેમાંના મોટા ભાગના ખાલી છે. મધ્ય ભાગમાં એક કબર છે, જે તેનાથી પણ નીચે છે. તે કબર શાહજહાં અને મુમતાઝ મહેલની છે. ઉપરાંત, તે ઓરડાઓમાં કંઈ જ નથી. તેમણે કહ્યું કે, આ કેસમાં એએસઆઈએ પણ જવાબ આપ્યો છે. મારા સિવાય બેથી ત્રણ મુસ્લિમ અધિકારીઓ હતા, બાકીના બધા હિન્દુ અધિકારીઓ હતા જે અંદર ગયા હતા. આ ૨૨ ઓરડાઓમાંથી, ચાર ઓરડાઓ મોટા છે, જ્યારે બાકીના ૧૮ ઓરડાઓ નાના ઓરડાઓ છે અને બધાનો રસ્તો એક નથી.

મોહમ્મદે કહ્યું કે ઘણા હિન્દુ સંગઠનો તાજમહેલને તેજો મહાલય મંદિર અને ૧૧મી સદી જૂના મંદિર તરીકે ઓળખાવે છે. હું તેમને પ્રાચીન સમયગાળા દરમિયાન કમાન ધરાવતા મંદિરનું સૂચન કરવા કહું છું. અમે ક્યારેય કમાનોનો ઉપયોગ કર્યો નથી. મુસ્લિમો કમાન પ્રથા લાવ્યા. સાથે જ આ ગુંબજ તો આજના મંદિરોમાં છે, પરંતુ તે પહેલાના મંદિરોમાં નહોતો. તાજમહેલમાં ડબલ ગુંબજ છે. તે મુઘલો પહેલાં ભારતમાં આવ્યો ન હતો.

ગયા વર્ષે આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (એએસઆઇ)એ હંગામો વધ્યા બાદ ૨૨ રૂમની કેટલીક તસવીરો જાહેર કરી હતી. આ તસવીરો એએસઆઇ વેબસાઈટ પર પણ ઉપલબ્ધ છે. આ ઓરડાઓનું નવીનીકરણ કરવામાં આવ્યું હતું, જે દરમિયાન તેની તસવીરો લેવામાં આવી હતી અને બાદમાં તેને રિલિઝ કરવામાં આવી હતી. અલ્હાબાદ હાઈકોર્ટની લખનઉ બેન્ચે ૨૨ રૂમ ખોલવાની અરજીને ફગાવી દેતા તેને પીઆઈએલ સિસ્ટમની મજાક ગણાવી હતી. અરજદારને ઠપકો આપતાં કોર્ટે કહ્યું હતું કે મહેરબાની કરીને પીઆઈએલ સિસ્ટમની મજાક ન ઉડાવો. આ મુદ્દે ડ્રોઈંગરૂમમાં અમારી સાથે દલીલ કરવા માટે હું તમારું સ્વાગત કરું છું, કોર્ટમાં નહીં.

## મુખ્યમંત્રી શિંદેને આંચકો! કોર્ટે સંપત્તિ ટ્રાન્સફરની અરજી ફગાવ

મુંબઈ,

ઉદ્ધવ ઠાકરે સમૂહને ઘણા દિવસો પછી સુપ્રીમ કોર્ટ તરફથી મોટી રાહતના સમાચાર મળ્યા છે. સુપ્રીમ કોર્ટે શિવસેના પાર્ટીની જંગમ કે સ્થાવર મિલકતોને અલગ પાડવાના નિર્દેશોની માંગ કરતી અરજીને ફગાવી દીધી છે. પિટિશનમાં એવી માગણી પણ કરવામાં આવી હતી કે આ સંપતિને પાર્ટીના નવા પ્રમુખને ટ્રાન્સફર કરવામાં આવે. મુંબઈના વકીલ આશિષ ગિરીએ તેમની અરજીમાં ઠાકરે સમૂહને પાર્ટી ફંડ ટ્રાન્સફર કરવાથી રોકવા માટે સુપ્રીમ કોર્ટને નિર્દેશ આપવાની પણ માંગ કરી હતી.

ઉદ્ધવ ઠાકરે સમૂહ દ્વારા એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેનાને હસ્તાંતરિત તમામ શિવસેનાની સંપત્તિને ટ્રાન્સફર કરવાની માંગ કરતી અરજીને આજે સર્વોચ્ચ ન્યાયાલયે ફગાવી દીધી હતી. કોર્ટે વકીલને પૂછ્યું કે આ કેવી પિટિશન છે અને આ અરજી કરનાર તમે કોણ છો? કોર્ટે કહ્યું કે આ અરજી વિચાર કરવા યોગ્ય નથી.

## રાજ્યના પોલીસ વિભાગમાં ૨૧.૩% જગ્યા ખાલી હોવાનો રાજ્ય સરકારે હાઈકોર્ટમાં સ્વીકાર્યું

પોલીસને લગતી બાબતોને લઈ સુપ્રીમના આદેશ અનુસાર સુઓમોટો અરજી પર સુનાવણી કરવામાં આવી હતી. હાઈકોર્ટના કડક વલણ બાદ રાજ્ય સરકારે એફિડેવિટ દાખલ કરી. જેમાં રાજ્ય સરકારે જણાવ્યું છે કે ગુજરાતમાં પોલીસ વિભાગમાં ૨૧.૩% જગ્યાઓ ખાલી છે. ૯૬,૧૯૪ ખાલી જગ્યાઓમાંથી ૭૩,૦૦૦ જેટલા પદો પર ભરતી કરાઈ છે. હાલ પોલીસ વિભાગમાં ૨૨ હજાર જેટલી જગ્યાઓ ખાલી છે. ગુજરાત સરકારે હાઈકોર્ટમાં દાખલ કરેલી એફિડેવિટમાં જણાવ્યું છે કે, રાજ્યમાં સ્ટેટ રિઝર્વ ફોર્સની કુલ જગ્યાઓમાંથી ૪૦૦૦ જગ્યાઓ ખાલી છે. સરકારે એફિડેવિટમાં જણાવ્યું છે કે, રેલી, સરઘસ અને સભા માટે પણ દિશાનિર્દેશો જાહેર કરાયા છે. અરજદારની માગ પર હાઈકોર્ટે સરકારને નિર્દેશ આપ્યો છે. કોર્ટે રેલી, સભાઓ અને સરઘસો અંગેનું જાહેરનામુ પેપર અને મીડિયામાં પ્રસિદ્ધ કરવાનો નિર્દેશ આપ્યો છે. સાથે જ હાઈકોર્ટે ઓગસ્ટ મહિના સુધીમાં રાજ્ય સરકારને એડિશનલ એફિડેવિટ ફાઈલ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ મામલે ૨૧ ઓગસ્ટના હાઈકોર્ટમાં વધુ સુનાવણી હાથ ધરાશે.

આપને જણાવી દઈએ કે, છેલ્લા ઘણા સમયથી પોલીસ વિભાગમાં ખાલી પડેલી જગ્યાને લઈને કોઈપણ પ્રકારની કાર્યવાહી ન કરવામાં આવતા આ મામલે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી. જેના પર ૯ માર્ચે સુનાવણી દરમિયાન હાઈકોર્ટે પોલીસ વિભાગની ખાલી જગ્યાઓને લઈને રાજ્ય સરકારને કેટલાક સવાલો કર્યા હતા.

## બનાસકાંઠામાં ૪.૨ ની તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા


પાલનપુર,

ગુજરાતની ધરા ફરી એકવાર ધ્રુજી છે. આજે વહેલી સવારે બનાસકાંઠા જિલ્લાના ડિસા,પાલનપુર સહિત આજુ બાજુના વિસ્તારોમાં ભૂકંપના આંચકા અનુભવાયા છે. બનાસકાંઠાના જિલ્લામાં ૪.૨ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો. અચાનક ભૂકંપના આંચકાથી લોકોમાં ડરનો માહોલ જોવા મળ્યો હતો. ભૂકંપના આંચકા અનુભવાતા લોકો તાત્કાલીક ધોરણે ઘરની બહાર દોડી આવ્યા હતા.જો કે ભૂકંપના કારણે કોઈ જાનહાનીના સમાચાર નથી

તો બીજી તરફ નેપાળમાં બે વખત ભૂકંપના આંચકા અનુભવાયા છે. રિક્ટર સ્કેલ પર બંને ભૂકંપની તીવ્રતા ૪.૮ અને ૫.૯ માપવામાં આવી છે. મળતી માહિતી અનુસાર પહેલો ભૂકંપ રાત્રે ૧૧.૫૮ કલાકે આવ્યો હતો, જ્યારે બીજો ૧.૩૦ કલાકે આવ્યો હતો. હજુ સુધી કોઈ જાનહાનિના અહેવાલ નથી. ભૂકંપનું કેન્દ્ર બાજુરાના દહાકોટમાં જણાવવામાં આવી રહ્યું છે. આ પહેલા ૧ એપ્રિલે દોલાખા જિલ્લાના સુરી ખાતે મધ્યમ તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો. તેની તીવ્રતા ૫.૨ માપવામાં આવી હતી. ઓખાલધુંગા, રામેછાપ, સિંધુપાલ ચોક અને નુવાકોટ જિલ્લા તેમજ કાઠમંડુ ખીણમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

આ અગાઉ નર્મદા જિલ્લામાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. કેવડિયાથી ૫ કિલોમીટર દૂર ભૂકંપના આંચકા અનુભવાયા હતા. બપોરે ૩.૪૦ મિનિટે ભૂકંપનો અનુભવ થયો હતો. આ ભૂકંપની તીવ્રતા રિકટર સ્કેલ પર ૩.૧ હોવાની માહિતી મળી હતી.

## સતત હિમવર્ષાના કારણે કેદારનાથમાં ભગવાન શિવના અગિયારમા જ્યોતિર્લિંગની યાત્રા ખોરવાઈ



દેહરાદૂન,

ઉત્તરાખંડના રુદ્રપ્રયાગ જિલ્લામાં સ્થિત ભગવાન શંકરના અગિયારમા જ્યોતિર્લિંગ કેદારનાથ ધામની યાત્રા ગુરુવારે ખોરવાઈ ગઈ.બપોરના એક વાગ્યાથી સતત હિમવર્ષાના કારણે પ્રવાસ અવરોધાયો હતો. બદ્રીનાથ, કેદારનાથની મંદિર સમિતિના મીડિયા પ્રભારી ડૉ. હરીશ ગૌરે બરફ અને મુસાફરી નાકાબંધી વિશે માહિતી આપી.

નોંધનીય છે કે અક્ષય તૃતીયા પર ધામના દરવાજા ખોલવાના સમયે પણ અહીં સતત હિમવર્ષાના કારણે વ્યવસ્થામાં ખલેલ પડી હતી. જેના કારણે ભક્તોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ખરાબ હવામાનને કારણે અહીં પૂરતા પ્રમાણમાં ટેન્ટ નથી. તેમજ નીચેથી જરૂરી સામગ્રી કેદારનાથ ધામ સુધી પહોંચી શકી નથી. જો કે, ત્યારબાદ પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) અશોક કુમારે વિક્ષેપના અહેવાલોને નકારી કાઢ્યા.

વિશ્વસનીય સૂત્રોના જણાવ્યા મુજબ, ગુરુવારે બપોરે ૧ વાગ્યાથી ધીમી ગતિએ ત્રણ કલાકથી વધુ સમય સુધી સતત હિમવર્ષાના કારણે યાત્રા ખોરવાઈ ગઈ હતી. સમાચાર લખાય છે ત્યાં સુધી યાત્રાના રૂટ પર અલગ-અલગ સ્થળોએ અંદાજે પંદર હજાર મુસાફરો અટવાયા હતા. આ ઉપરાંત હેલિકોપ્ટર સેવા પણ ખોરવાઈ ગઈ હતી. ઉત્તરાખંડ નાગરિક ઉડ્ડયન વિભાગે ૩૦ એપ્રિલ સુધી હેલી સેવાઓમાં તીર્થયાત્રીઓ માટે આરક્ષણ સેવાઓ પણ બંધ કરી દીધી છે.

## મધ્ય પ્રદેશની પ્રથમ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન સાથે ગાય અથડાઈ, ટ્રેનનું બોનેટ તૂટી ગયું

ગ્વાલિયર,

દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એમપીની જે પ્રથમ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને લીલીઝંડી બતાવી ગુરુવાર સાંજે શરુ કરાવી હતી, તે વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન ગ્વાલિયરની નજીક દુર્ઘટનાનો શિકાર થઈ છે. નિઝામુદીનથી કમલાપતિ સ્ટેશન તરફ જઈ રહેલી વંદે ભારત એક્સપ્રેસ ડબરા અને ગ્વાલિયરની વચ્ચે એક ગાય સાથે ટકરાઈ હતી. આ દુર્ઘટનામાં વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનનું એન્જીન તૂટી ગયું હતું. ડબરા સ્ટેશન પાસે વંદે ભારત એક્સપ્રેસને રોકીને ટેક્નિકલ સ્ટાફે એન્જીનને રિપેર કર્યુ હતું. લગભગ ૧૫ મીનિટ પછી વંદે ભારત એક્સપ્રેસ ભોપાલ તરફ રવાના થઈ હતી. નિઝામુદીનથી કમલાપતિ તરફથી જઈ રહેલી સેમી હાઈ સ્પીડ ટ્રેન વંદે ભારત એક્સપ્રેસની સામે ગ્વાલિયર ભોપાલ ટ્રેક પર ડબરા સિમિરિયાતાલ સ્ટેશનની વચ્ચે એક ગાય આવી ગઈ. ફુલ સ્પિડે વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન જ્યારે ગાય સાથે ટકરાઈ તો, ટ્રેનનું એન્જીન તૂટી ગયું. એન્જીનમાં ગાયના શરીરનો ભાગ ફસાઈ ગયો હતો. જેનાથી ટ્રેન એન્જીનનું બોનેટ ખુલી ગયું. દુર્ઘટના બાદ ડબરા સ્ટેશન પાસે વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને રોકી દેવામાં આવી. ફરી તેના એન્જીનને રિપેર કરવાનું કામ શરુ કર્યું. દુર્ઘટના બાદ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને ડબરા સ્ટેશનથી પહેલા ઓવરબ્રિજની નીચે રોકવામાં આવી. ટ્રેનમાં રહેલા રનિંગ ટેક્નીકલ સ્ટાફે એન્જીનને રિપેર કરવાનું કામ શરુ કર્યું. રેલવે એન્જીનિયરોએ લગભગ ૧૫ મીનિટની મહેનત બાદ એન્જીનના બોનટમાં ફસાયેલ ગાયના શરીરને બહાર કાઢી એન્જીન રિપેર કર્યું. જેમ તેમ કરીને એન્જીનનું બોનટ લગાવ્યું. સેફટી ટીમે ઓકે કહ્યા બાદ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન લગભગ ૨૦ મીનિટ બાદ રવાના થઈ હતી.

અભીનંદન...
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
ઘી નવજીવન સહ ગ્રા. ભંડાર
તરફથી અભીનંદન....
મુ. કુવાઝર નવી વસાહટ,
તા. મોરવા(હ),
જી. પંચમહાલ

અભીનંદન...
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
જી. એસ. બારીયા
તરફથી અભીનંદન....
મુ. કુવાઝર,
તા. મોરવા(હ),
જી. પંચમહાલ

અભીનંદન...
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
મીનેષકુમાર એન્ડ બ્રધર્સ
તરફથી અભીનંદન....
મુ. કશનપુર,
તા. મોરવા(હ),
જી. પંચમહાલ

અભીનંદન...
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
પી. એસ. ડામોર
તરફથી અભીનંદન....
મુ. વેજમા,
તા. મોરવા(હ),
જી. પંચમહાલ

# મહીસાગર જિલ્લા કલેકટર ભાવિન પંડ્યાના અધ્યક્ષ સ્થાને પ્રી-મોન્સુન અંગેની બેઠક યોજાઇ



મહીસાગર,
મહીસાગર જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડમાં જિલ્લા કલેક્ટર ભાવિન પંડ્યાના અધ્યક્ષ સ્થાને આગામી ચોમાસાને અનુલક્ષીને સંલગ્ન તમામ વિભાગો સાથેની પ્રી–મોનસુન કામગીરી અંગેની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

બેઠકમાં જિલ્લા કલેક્ટરએ વિવિધ વિભાગના અધિકારીઓને શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં ચોમાસામાંના કારણે જાન માલનું નુકસાન અટકાવવા આગોતરી તૈયારીઓ પૂર્ણ કરવા સુચન કર્યા તેમજ વિભાગો દ્વારા હાથ ધરવામાં આવેલી કામગીરીની સમીક્ષા કરી હતી.

આ બેઠકમાં કલેક્ટરએ લગત વિભાગોને કડાણા,પાનમ, ભાદર ડેમમાંથી પાણી છોડતા અસર પામતા ગામોની યાદી અધતન કરવી તથા ડેમમાંથી પાણી છોડતા પૂર્વે ચોક્કસ સમય પહેલા જાણ કરવી, તમામ ડેમ તથા કેનાલના ગેટોની ચકાસણી કરવી, નડતરરૂપ ઝાડ કાપવા, આશ્રય સ્થાનો તૈયાર કરવા, પાણી નિકાલના માર્ગ પરના અવરોધો દૂર કરવા, માનવ કે પશુ મૃત્યુના કિસ્સામાં ત્વરિત કાર્યવાહી હાથ ધરવી, જરૂરી સાધનો તૈયાર રાખવા, વીજ પુરવઠો જળવાય તેની તકેદારી રાખવા, વગેરે બાબતે સૂચન કરી જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું.

વધુમાં કલેક્ટરએ પાણીનો પ્રવાહ વધે, ડેમ ઓવરફ્લો થાય કે પાણીનો ભરાવો થાય તેવા સંજોગોમાં તાત્કાલિક અસરગ્રસ્ત વિસ્તારોમાં જાણ કરી શકાય તે હેતુથી સંપર્ક યાદી બનાવી ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન તૈયાર કરવા પણ જણાવ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી, પોલીસવડા, અધિક નિવાસી કલેકટર, આરોગ્ય અધિકારી, પ્રાંત અધિકારીઓ, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારીઓ તેમજ સંલગ્ન વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મહીસાગર બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી દ્વારા ૮ બાળકોનાં બાળ લગ્ન અટકાવવામાં આવ્યા

મહિસાગર,
બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી મહીસાગર ખાતે ખાનપુર તાલુકા મેણા ગામમાં અને અને લુણાવાડા તાલુકાના જુના મુવાડા ગામ ખાતે બે અલગ અલગ જગ્યાએ બાળ લગ્નના આયોજન અંગેની માહિતી મળેલ હતી. જે સંદર્ભે બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી અને સ્થાનિક પોલીસ સાથે મળીને તપાસ હાથ ધરવામાં આવી જેમાં પરિવાર દ્વારા લગ્ન કરાવવાની સંપુર્ણ તૈયારી કરવામાં આવેલ હતી.

પરંતુ બાળકોના ઉંમરના પુરાવા મેળવી ચકાસણી કરતાં કુલ ૮(આઠ) બાળકો જેમાં ૩ દિકરા અને ૫ દિકરીઓની લગ્નની નિર્ધારીત વય પુર્ણ થયેલ ન હોવા છતાં તેઓના લગ્નનું આયોજન કરવામાં આવેલ હોવાનું જાણવા મળેલ. ત્યારબાદ લગ્નનું આયોજન કરનાર બાળકોના માતા–પિતા અને વાલીને બાળલગ્ન પ્રતિબંધક ધારો–૨૦૦૬ અન્વયે જો પુરૂષ હોય તો જેણે ૨૧ વર્ષની ઉંમર પૂરી કરી નથી અને જો સ્ત્રી હોય તો જેણે ૧૮ વર્ષની પુરી કરી નથી તેવા બંને પક્ષ અથવા બે પક્ષ પૈકી કોઇ પણ પક્ષે નિર્ધારિત ઉંમર પુરી કરેલ ના હોય તેવા યુગલો વચ્ચે લગ્ન થતા હોય તો તેને બાળલગ્ન કહેવામાં આવે છે, અને જો આવા બાળ લગ્ન કરાવવામાં આવે તો તે એક બિન જામીનપાત્ર ગુનો બને છે અને જેમાં બે વર્ષની સખત કેદની સજા અથવા રૂપિયા એક લાખના દંડની સજા થવા પાત્ર છે. તેવી સમજ આપીને લગ્નનું આયોજન કરનાર બાળકોના માતા–પિતા અને વાલીને બાળ લગ્ન ન કરવાની નોટીસ પાઠવવામાં આવી હતી.તદુપરાંત તમામ દીકરીના ૧૮ વર્ષ અને દીકરાના ૨૧ વર્ષ પૂર્ણ થયેથી જ લગ્ન કરાવવામાં આવશે તે બાબતની બાહેધરી મેળવવામાં આવી હતી.

જિલ્લામાં કોઈપણ જગ્યાએ બાળ લગ્ન કરાવવાના આયોજન વિશે માહિતી હોય તો તાત્કાલિક બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, રૂમ નં. ૨, ભોય તળીયે, બ્લોક નંબર–૨, જિલ્લા સેવા સદન, મહીસાગર લુણાવાડા ફોન નં.૦૨૬૭૪–૨૫૨૯૬૮ અથવા E-mail dsdo-mahigujarat.gov.in પર, જિલ્લા બાળ સુરક્ષા એકમ, મહીસાગર ફોન.નં. ૦૨૬૭૪–૨૫૦૫૩૧, ૧૮૧ અભયમ મહિલા હેલ્પ લાઇન, ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પ લાઈન, ૧૦૦ પોલીસ કંટ્રોલ રૂમ, પર સંપર્ક કરવાનો રહેશે બાળ લગ્ન અટકાવવા અંગેની માહિતી આપનારની ઓળખ સંપૂર્ણપણે ગુપ્ત રાખવામા આવશે.

# આંબલીયાત જુથ પાણી પુરવઠા યોજનાનું ખાતમુર્હત ધારાસભ્ય નિમિષાબેન સુથારના વરદ હસ્તે કરવામાં આવ્યુ



મહિસાગર,
મહિસાગર જીલ્લાનાં સંતરામપુર તાલુકાના ૧૭ ગામોને પીવાનું પાણી પુરૂ પાડવા માટે સરકાર દ્વારા આંબલીયાત જુથ પાણી પુરવઠા યોજના મંજુર કરવામાં આવેલ છે. આ યોજનામાં સમાવિષ્ટ ગામોની વર્ષ–૨૦૨૦ પ્રમાણે ૩૩૬૫૯ વસ્તીને આ જુથ યોજનાનો લાભ મળશે છે.

યોજનાના મુખ્ય સોર્સ તરીકે પાનમ જળાશય આધારીત કેનાલ ઉપર ઓફટેક સ્ટ્રક્ચર બનાવી ત્યાંથી નાના ઓરા ગામ પાસે મુખ્ય હેડવર્ક્સ બનાવવામાં આવશે. જેમાં ૫.૫ એમ.એલ.ડી. ક્ષમતાનો જળ શુધ્ધિકરણ પ્લાન્ટ, ૨૫ લાખ લીટરનો સંપ અને ૪ લાખ લીટરની ઊંચી ટાંકી બનાવી યોજનામાં સમાવેશ થયેલ નાના ઓરા, વાઘન, વાઘફલ, વાંદરીયા, જોટંગીયા, વાંકડી, મોટા ઓરા, નાન સલાઈ, ચરાડા, પાંચમુવા, આંબલીયાત, ફલવા, રામભેમના મુવાડા, સાતકુંડા, માંચોડ, સરસ્વા અને આંજનવા ગામોને ૧૦૦ લીટર માથાદીઠ પીવાનું પાણી પુરૂ પાડવાનું આયોજન કરેલ છે.

આ યોજનાનું ભૂમિ પૂજન તા પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડની શુભેચ્છાથી તથા મોરવા હડફ મતવિસ્તારના ધારાસભ્ય નિમિષાબેન સુથાર, અગ્રણી સંજયાંઇ પટેલ, જીલ્લા પંચાયત સભ્ય નંદાબેન ખાંટ, તાલુકા પંચાયત સભ્યઓ, સમાવિષ્ઠ ગામોના સરપંચઓ, આગેવાનો તથા પદાઅધિકારીઓ તેમજ પાણી પુરવઠા બોર્ડના કાર્યપાલક ઈજનેર, નાયબ કાર્યપાલક ઈજનેર, સંતરામપુર પેટા કચેરીના અન્ય કર્મચારી તેમજ આ કામની એજન્સીના પ્રતિનીધિની ઉપસ્થિતીમાં નાન સલાઈ અને ફળવા ગામે કરવામાં આવેલ. આ યોજનાની વહીવટી મંજુરીની અંદાજીત રકમ રૂ. ૩૫૭૮.૦૫ લાખ ગ્રોસ છે.

# બાલાસિનોરના દોલત પોરડા-ધનેલાના તત્કાલીન તલાટી દ્વારા કૌભાંડ બાબતે અહેવાલ જિલ્લા પંચાયત મોકલવામાં આવ્યો



- તલાટી દ્વારા વિકાસના કામો સાથે વેરાના રૂપિયાની ઉચાપતની અરજી કરાઈ હતી.
- ગ્રામ પંચાયતમાં ફર્નિચર પણ છે તે નવા સરપંચને બિલ જોતા ખબર પડી.

બાલાસિનોર,
બાલાસિનોર તાલુકામાં આવેલા દોલતપોરડા અને ધનેલા ગ્રામ પંચાયતના તત્કાલીન તલાટી દ્વારા ગ્રામ પંચાયતમાં જમા કરાવતા ઘરવેરા, પાણીવેરા, સફાઈવેરા, લાઈટવેરા ના નાણા ઉચાપત કર્યાની અરજી દોલતપોરડાના સરપંચ દ્વારા કરવામાં આવી હતી જે બાબતે મહીસાગર જિલ્લા વિકાસ અધિકારીને અહેવાલ સોંપવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો અનુસાર ધનેલા ગ્રામ પંચાયતના તત્કાલીન તલાટી ઉર્મિલાબેન બેલદાર દ્વારા ગ્રામ પંચાયત વિસ્તારમાં ગ્રામ પંચાયત દ્વારા ઉઘરાવવામાં આવતા ઘરવેરા, પાણી વેરા, સફાઈવેરા, લાઈટ વેરા સહિત અનેક વેરાઓના નાણા ગ્રામ પંચાયતના બેંક ખાતામાં જમા ના કરાવતા બારોબાર સગેવગે કરી ઉચાપત કરતા હાલના સરપંચ મનોજ પટેલ દ્વારા બાલાસિનોર તાલુકા વિકાસ અધિકારી સહિત મહીસાગર જિલ્લા વિકાસ અધિકારી અરજી કરેલ હતી જે સંદર્ભે બાલાસિનોર તાલુકા પંચાયતના વિસ્તરણ અધિકારીઓ સાથે વિવિધ યોજનાના એન્જીનીયરો અને કલાર્ક સહિત ૭ કર્મચારીઓની ટિમ બનાવી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો જેમાં તપાસ પૂર્ણ થતાં ૪૭૪ પાનાંઓ અહેવાલ તૈયાર કરી જિલ્લા વિકાસ અધિકારીને સોંપવામાં આવ્યો છે.

## તત્કાલીન તલાટીએ શું શું કૌભાંડ કર્યું

તત્કાલિન તલાટી ઉર્મિલા બેલદારના સમય દરમ્યાન કરેલ કૌભાંડની અરજીઓ કરાઈ.

૧) વિકાસના કામો કર્યા સિવાય નાણાં ઉપાડી લેવાયાં.
૨) ગ્રામ પંચાયતમાં આવેલા વેરાના નાણાની ઉચાપત કરાઈ.
૩) ગ્રામ પંચાયતમાં ફર્નિચર બાબતે તાલુકા પંચાયત ની કોઈ પણ પ્રકાર ની પૂર્વ મંજૂરી વગર બિલ મૂકી દેવાનું કૌભાંડ.

## ગ્રામ પંચાયતના રેકોર્ડ સાથે છેડછાડ કરાઈ

આ બાબતે સરપંચ મનોજ પટેલ દ્વારા જિલ્લા વિકાસ અધિકારી અરજી કરવામાં આવી છે. જેમાં જણાવ્યું છે કે અમારી ગ્રામ પંચાયત ઠરાવ બુકો અને રોજમેળ નવેસરથી લખેલ છે જેમાં ગ્રામ પંચાયતના સદસ્યોની સહી નથી. રોજમેળ નવેસરથી લખવામાં આવ્યો હોવાથી નાણાં ઉપડવાના વાવચરમાં કોઈએ સહીઓ કરેલ નથી. જેથી કૌભાંડ છુપાવવા નવેસરથી ઠરાવ બુક અને રોજમેળ વગદાર તલાટી ના માણસે દ્વારા લખવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતું.

## અહેવાલ જિલ્લા વિકાસ અધિકારી સોંપવામાં આવ્યો છે

આ બાબતે બાલાસિનોર તાલુકા પંચાયતના આસિસ્ટન તાલુકા વિકાસ અધિકારી એ.આર.ગઢવીએ જણાવ્યું હતું કે વિવિધ મુદ્દાઓ સાથેની અરજીની તપાસ કર્યા બાદ ૪૪૭ જેટલા પાનાનો અહેવાલ તૈયાર કરી મહીસાગર જિલ્લા વિકાસ અધિકારીને સોંપી દેવામાં આવે છે.

## સમગ્ર બાબતે પોલીસ ફરિયાદ થશે કે કેમ

સમગ્ર બાબતે મહીસાગર જિલ્લા વિકાસ અધિકારી તત્કાલીન તલાટી અને તેમના સહકાર આપનાર લોકો સામે પોલીસ નો ગુન્હો દાખલ કરાવશે કે કેમ જે બાબતે તલાટી અને સરપંચ સહિત દોલતપોરડા ગ્રામ પંચાયત વિસ્તારમાં ચર્ચાનો વિષય બની રહ્યો છે.

# મહિસાગર જિલ્લા પંચાયત ખાતે પ્રાકૃતિક ખેતી અંગે બેઠક યોજાઈ



મહીસાગર,
મહીસાગર જિલ્લા પંચાયત ખાતે જિલ્લા વિકાસ અધિકારીની અધ્યક્ષ સ્થાને આત્મા પ્રોજેક્ટની પ્રાકૃતિક ખેતી અંગેની કામગીરીનું નકર આયોજન કરવા માટે બેઠક યોજવામાં આવી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીએ પ્રાકૃતિક ખેતી અંગેના કેટલાક સૂચનો કર્યા હતા મુખ્યત્વે ગ્રામ પંચાયત દીઠ ૭૫ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થાય તે કામગીરીને ઝડપી તેમજ ૧૫ મી જુન પહેલા પૂર્ણ કરવા માટે સૂચન કર્યું દર મહિને પ્રાકૃતિક ખેતી અંગેના મેગેઝીન તેમજ પ્રચાર પ્રસાર માટે સાહિત્ય અને પેમ્પલેટ ખેડૂતોને મળી રહે તે માટે જરૂરી કામગીરી કરવા માટે આયોજન કરવું પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોની સફળ વાર્તાની બુકલેટ મહાનુભાવો દ્વારા વિમોચન કરાવવું પ્રમોશન કરવું નોડલ અધિકારીઓને દરેક નોડલ અધિકારી એ પ્રાકૃતિક ખેતી અંગેનો રિપોર્ટ પ્રત્યેક અઠવાડિયે તૈયાર કરીને ધ્યાન દોરવું, પ્રાકૃતિક ખેતી અંગેના ગ્રામ પંચાયત તેમજ અન્ય પ્રચારને પ્રસાર લગતા વીડિયોને બનાવી તેમજ પ્રાકૃતિક ખેતી અંગેની તાલીમમાં વિડીયો બતાવવા અને ખેડૂતોના ગ્રુપમાં આ વિડીયો મુકવા માટે જણાવ્યું આગામી સમયમાં ક્લસ્ટર વાર પ્રાકૃતિક ખેતી અંગેની તાલીમનું આયોજન કરીને તાલીમ કરવા માટે જણાવ્યું તેમજ અંતમાં જિલ્લા નોડેલ અધિકારી તેમજ લાયઝન ડિપાર્ટમેન્ટ ના અધિકારી દ્વારા પડતી મુશ્કેલી અંગે ચર્ચા કરી ને યોગ્ય તે માટે યોગ્ય સલાહ સુચન આપવામાં આવ્યા હતા.

આ બેઠકમાં જિલ્લા ખેતીવાડી અધિકારી તેમજ નાયબ પશુપાલન અધિકારી નાયબ બાગાત નિયામક અધિકારી અને પ્રાકૃતિક ખેતીની કામગીરી વધુ સારી બનાવવા માટે નિમણૂંક કરેલા જિલ્લાના નોડલ અધિકારી તેમજ લાઇજન અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

## આપની આજ.......

મેષ : કાર્યક્ષેત્રમાં તમારા કામની પ્રસંશા થશે, પરંતુ સાથો સાથ તમારા દુશ્મની નિંદાઓ પણ વધશે. આવામાં તમારે જરાય પરેશાન થવાની જરૂર નથી. બસ તમારે તમારા કામ પર ફોકસ કરવાની જરૂર છે.

વૃષભ : ઘરના સભ્યો કે સંતાન વ્યવહારથી તમે દુઃખી રહેશો. પત્ની કે પ્રેમિકા પણ આવા પ્રકારના વ્યવહારથી તમને વ્યથિત કરી શકે છે, જેથી તમે મનોમન પરેશાન રહો.

મિથુન : આજે નોકરી કે વેપાર-ધંધામાં આકરી સ્પર્ધાનો સામનો કરવો પડી શકે છે. આ સિવાય બની શકે છે કે કોઈ કામ શરૂ કરવામાં વધુ સમય લેવો પડે. આ કારણે તણાવ વધી શકે છે.

કર્ક : આજે તમને વ્યવસાયમાં તમારા ઉચ્ચ અધિકારીઓનો સહયોગ મળશે. નોકરીમાં બની શકે છે કે આજે કોઈ કારણથી તમારે વિવાદ થઈ જાય, આવી સ્થિતિમાં વાણી પર કાબૂ રાખવાની જરૂર છે.

સિંહ : છેલ્લાં કેટલાંક દિવસોથી તમે નાના-મોટા કામ બગડી જવાથી આશ્ચર્યમાં છો. બની શકે છે કે આજે તમારા આ કામમાં સુધારો આવી શકે. તેમ છતા પણ કોઈ ડર કે શંકાના કારણે તમારૂ મન અશાંત રહી શકે છે.

કન્યા : ગણેશજી કહે છે, આજનો દિવસ તમારો સારો પસાર થશે. કાર્યક્ષેત્રમાં પણ સૌનો સહયોગ મળશે. જો શિક્ષણ ક્ષેત્રે આગળ વધવા માટે પ્રયાસ કરી રહ્યા હોવ તો આજનો દિવસ તમારા માટે શુભ સાબિત થઈ શકે છે. બપોર સુધીમાં આર્થિક સંકટ પણ પૂરૂ થશે.

તુલા : હાલનો સમય કાર્યક્ષેત્રમાં અવર-જવરનો અને નિયમબદ્ધ કામ પૂરો કરવાનો ચાલી રહ્યો છે. આ દરમિયાન નજીકના લોકો ચિંતામાં વધારો કરી શકે છે. જો તમે પ્રેમ સંબંધમાં હોવ તો વહેલી તકે નિર્ણય લઈ લેજો, નહીં તો પાછળથી સમસ્યાઓ પેદા થઈ શકે છે. જીવનસાથી સાથે આજનો દિવસ સારો પસાર થશે.

વૃશ્ચિક : કોઈ પ્રતિયોગી પરીક્ષા માટે તમારે તૈયાર રહેવું પડશે. જો તમે તમારા વ્યવસાય કે વેપાર સંબંધિત કોઈ કરાર કે લખાણનું કામકાજ કરવા માંગતા હોવ તો તેને બે જ દિવસમાં પુરૂ કરી લેજો.

ધનુ : આજે સવારથી જ પ્રતિકુળ દિવસ તમારા માટે રહેશે. આ સિવાય કાર્યક્ષેત્રમાં પણ તમારા પક્ષમાં કોઈ પરિવર્તન આવી શકે છે, જેના કારણે તમારો મૂડ પણ બગડી શકે છે, પરંતુ તમે ધૈર્યથી કામ લેજો.

મકર : આજે આરોગ્યની કાળજી લેજો. દિવસના પહેલા ભાગમાં વધુ પડતા કામ આવી પડશે. બની શકે ત્યાં સુધી મહત્વના કામો પહેલા પૂરા કરી લેવા. જેથી કોઈ નુકસાન ન વેઠવુ પડે. બપોર પછીનો સમય પડકારભર્યો રહી શકે છે.

કુંભ : આજનો દિવસ તમારા માટે એવરેજ રહેશે. વેપારમાં સ્થિતિ સુધરતી નજરે પડશે. કોઈ મોટા અધિકારીના સહયોગથી નોકરીમાં તમારી મજબૂતી વધશે.

મીન : આજે આવક કરતા ખર્ચ વધુ થશે. આવામાં સંતુલન જાળવી રાખજો. ધ્યાન રાખજો કે, સારો મૂડ હોવાના કારણે એવું ન બને કે બીજાની મદદ કરવામાં તમે સારા નરસાનું ભાન ભૂલી જાવ. જરૂરિયાતમંદોની જ મદદ કરજો, નહીં તો અન્ય લોકો તમારા સ્વભાવનો લાભ ઉઠાવી શકે છે.

## અભિનેત્રી જિયા ખાન આત્મહત્યા કેસમાં સૂરજ પંચોલી નિર્દોષ

# જિયા ખાને મુંબઈમાં તેના જુહુ એપાર્ટમેન્ટમાં ફાંસી લગાવીને આત્મહત્યા કરી લીધી હતી, ૧૦ વર્ષ બાદ ચુકાદો આવ્યો



મુંબઇ,
ફિલ્મ એક્ટ્રેસ જિયા ખાનની આત્મહત્યાના કેસમાં સીબીઆઈની સ્પેશ્યલ કોર્ટ (સીબીઆઇ કોર્ટ)નો આજે નિર્ણય આવ્યો છે. સીબીઆઈએ આ કેસમાં ફિલ્મ અભિનેતા આદિત્ય પંચોલીના પુત્ર સૂરજ પંચોલીને આરોપી બનાવ્યો હતો. ૩ જૂન, ૨૦૧૩ના રોજ, માત્ર ૨૫ વર્ષની ફિલ્મ અભિનેત્રી જિયા ખાને મુંબઈમાં તેના જુહુ એપાર્ટમેન્ટમાં ફાંસી લગાવીને આત્મહત્યા કરી લીધી હતી. જેમાં આજે સીબીઆઈ સ્પેશ્ય કોર્ટે ૧૦ વર્ષે ચુકાદો સંભળાવ્યો છે. લગભગ ૧૦ વર્ષ બાદ સ્પેશિયલ કોર્ટે જિયા ખાનના આપઘાત કેસમાં તેના એક્સ બોયફ્રેન્ડ સૂરજ પંચોલીને નિર્દોષ જાહેર કર્યો છે. જિયા ખાનના બોયફ્રેન્ડ સૂરજ માટે આજનો દિવસ ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થયો છે. છેલ્લા ૧૦ વર્ષથી આ કેસની કાર્યવાહી ચાલી રહી હતી.જિયા ખાનની માતા રાબિયા ખાને કોર્ટની બહાર કહ્યું હતું કે, 'મેં હજી સુધી હાર માની નથી. અંતિમ ન્યાય હજી બાકી છે. પુરાવાના અભાવે આ નિર્ણય આવ્યો છે. સીબીઆઈએ પોતાનું કામ યોગ્ય રીતે નથી કર્યું. આ કેસનો ચુકાદો આવી ગયો છે, પરંતુ હજી પણ સવાલ એ છે કે મારી પુત્રીનું મૃત્યુ કેવી રીતે થયું. હું શરૂઆતથી જ કહેતી આવી છું કે આ ખૂનનો કેસ છે. હવે હું હાઈકોર્ટમાં જઈશ.'

જયારે સૂરજના પિતા આદિત્ય પંચોલી ક્યાંય દેખાતા નહોતા.સુરજની માતા સાથે હતી નિર્દોષ જાહેર થયા બાદ સૂરજે સોશિયલ મીડિયા પર લખ્યું, 'સત્યની હંમેશા જીત થાય છે. ભગવાનથી મોટું કોઈ નથી. 'સૂરજની માતા અને અભિનેત્રી ઝરીના વહાબે જણાવ્યું હતું કે, મને ભગવાન પર સંપૂર્ણ વિશ્વાસ છે.'

ફિલ્મ અભિનેત્રી જિયા ખાને ૩ જૂન ૨૦૧૩એ મુંબઈના પોશ જુહૂ વિસ્તારમાં પોતાના જ ઘરે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. મુંબઈ પોલીસે એક્ટ્રેસના ઘરેથી જે મૃતદેહ કબજે કર્યો હતો. એક્ટ્રેસે આત્મહત્યા પહેલા એક સુસાઈડ નોટ પણ લખી હતી. જેના આધારે છેલ્લા ૧૦ વર્ષથી આ કેસ અંગે કાર્યવાહી કરવામાં આવી રહી હતી.

એક્ટ્રેસ જિયા ખાનની બહેનને છ પાનાની લખેલી સુસાઈડ નોટ મળી હતી. જેમાં તેના એક્સ બોયફ્રેન્ડ સૂરજ પંચોલીને આરોપી દર્શાવવામાં આવ્યો હતો. પરિવાર દ્વારા સૂરજ પંચોલી પર જિયા ખાનને આત્મહત્યા માટે ઉશ્કેરવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. જેના આધારે પોલીસે સૂરજ પંચોલીની ૨૦૧૩માં ધરપકડ પણ કરી હતી. ત્યારબાદ તે જામીન ઉપર બહાર આવ્યો હતો.

૨૦૧૪માં આ કેસ સીબીઆઈને સોંપવામાં આવ્યો હતો. જેમાં ૨૦૧૬માં સીબીઆઈએ આ કેસને સુસાઈડ જણાવી હત્યાના એંગલને નકારી કાઢ્યુ હતું. પરંતુ, જિયા ખાનની માતા રાબિયાએ કેન્દ્ર સરકારને ખુલ્લો પત્ર લખીને ન્યાયની માંગણી કરી. તેમજ ૐૈં તપાસ પર સવાલો ઉઠાવ્યા હતા. રાબિયા ખાને આરોપ લગાવ્યો કે તેની પુત્રીની હત્યા કરી લાશને સીલિંગ ફેન સાથે લટકાવી દેવામાં આવી હતી અને આ આખો મામલો હત્યાનો છે. જોકે, સીબીઆઈની તમામ તપાસને ધ્યાનમાં રાખીને આજે કોર્ટે સૂરજ પંચોલીને નિર્દોષ જાહેર કર્યો છે.

મુંબઈની વિશેષ સીબીઆઈ કોર્ટે બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ જીયા ખાન કેસમાં ચુકાદો અનામત રાખ્યો હતો. આપને જણાવી દઈએ કે જીયાએ ૩ જૂન, ૨૦૧૩ના રોજ ડિપ્રેશન અને સૂરજ સાથેના પ્રેમમાં વિશ્વાસઘાતના કારણે આત્મહત્યા કરી લીધી હતી. પણ પુરાવાના અભાવમાં સુરજ પંચોલીનો આ કેસમાં નિર્દોષ છૂટકારો થયો છે. જ્યારે વાત સામે આવી હતી તો બોલીવુડમાં ખળભળાટ મચી ગયો હતો. જિયા ખાન આત્મહત્યા કેસમાં બોલીવુડના જાણીતા અભિનેતા આદિત્ય પંચોલીના દિકરા સુરજ પંચોલીને જેલની હવા પણ ખાવી પડી હતી. કારણ કે જીયા ખાનની માતા રાબીયાએ સુરજ પંચોલી પર ગંભીર આરોપ લગાવ્યા હતા ત્યાર પછી તેની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ તપાસમાં એવા ઘણા પુરાવા પણ મળ્યા છે જેના આધારે તેના ઉપર આત્મહત્યા માટે ઉશ્કેરવાનો આરોપ લાગ્યો. આ પુરાવામાં સૌથી મોટો પુરાવો હતો જીયા ખાનની સુસાઈડ નોટ.

જિયા ખાને પાંચ પન્નાની સુસાઈડ નોટ લખી હતી. જોકે આ સુસાઈડ નોટમાં શું લખ્યું છે તે ક્યારેય મીડિયા સામે આવ્યું નહીં પરંતુ દાવો કરવામાં આવે છે કે તેમાં સુરજ પંચોલી વિરુદ્ધ જિયા ખાને ઘણા બધા ખુલાસા કર્યા હતા. જેના કારણે આ કેસને મજબૂતી મળી. જિયા અને સુરજ પહેલી વખત સોશિયલ મીડિયાના માધ્યમથી મળ્યા હતા. શરૂઆતમાં મિત્રતા પછી થોડા જ સમયમાં બંને રિલેશનશિપમાં હતા. જિયા સૂરજ કરતા બે વર્ષ મોટી હતી. સુરજ સાથેના સંબંધો વિશે જિયાની માતા રાબિયાને પણ ખબર હતી. થોડાક સમયમાં બંને એક સાથે રહેવા લાગ્યા હતા. તેવામાં જ્યારે ત્રણ જૂને જિયાએ આત્મહત્યા કરી ત્યારે સૌથી મોટો પ્રશ્ન એ જ હતો કે સુરજ અને જિયા વચ્ચે આટલો પ્રેમ હતો છતાં પણ જિયાએ આત્મહત્યા શા માટે કરી ?

આત્મહત્યાનું કારણ જાણવા માટે જે તપાસ થઈ અને તેમાં જે પુરાવા મળ્યા તેના આધારે ચાર્જશીટ દાખલ થઈ. જે અનુસાર ત્રણ જૂને જિયા સૂરજ સાથે વાત કરવા ઈચ્છતી હતી. તેણે સૂરજનો સંપર્ક કરવા પ્રયત્ન કર્યો પરંતુ સૂરજ છે તેનો ફોન ઉપાડ્યો નહીં અને ન મેસેજ કર્યો. સુરજ તરફથી જવાબ ન મળતા જિયા સૂરજના ઘરે પણ ગઈ હતી ત્યાં પણ સુરજ તેને ન મળ્યો. જિયાએ આત્મહત્યા કરી તેના થોડા જ સમય પહેલા સૂરજે જીયાને મેસેજ કર્યો હતો. આ મેસેજમાં સુરજ એ અભદ્ર ભાષાનો પ્રયોગ કર્યો હતો. કહેવાય છે કે આ મેસેજ મળ્યાના એક કલાક પછી જ જિયા ખાને આત્મહત્યા કરી લીધી હતી.

તા.૨૯/૦૪/૨૦૨૩
શનિવાર

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ઘોઘંબા તાલુકાના જોરાપુરા(વાં), પાલ્લા અને માલુ ગ્રામ પંચાયતોમાં

# મનરેગાના બોગસ જોબકાર્ડ બનાવી ૮૦ લાખના કૌભાંડમાં ૫૧ લોકો સામે પોલીસ ફરિયાદ

ઘોઘંબા,

પંચમહાલ જીલ્લાના ઘોઘંબા તાલુકાની ત્રણ ગ્રામ પંચાયતોમાં વર્ષ ૨૦૦૯ થી ૨૦૧૪ના વર્ષ દરમિયાન મનરેગા યોજના હેઠળ બોગસ જોબકાર્ડ બનાવી તેનો ઉપયોગ કરી રૂા.૮૦ લાખના કૌભાંડમાં તત્કાલીન ફરજ બજાવતા ૪૬ કર્મચારીઓ તેમજ ૫ પદાધિકારી મળી ૫૧ લોકો વિરૂદ્ધ આખરે દામાવાવ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા અન્ય કૌભાંડી અને ભ્રષ્ટાચારીઓમાં છુપો ફફડાટ જોવા મળ્યો.

ઘોઘંબા તાલુકામાં આવેલ જોરાપુર(વાં), પાલ્લા અને માલુ ગ્રામ પંચાયતોમાં વર્ષ ૨૦૦૯ થી ૨૦૧૪ વર્ષ દરમિયાન સરકારી કર્મચારીઓ અને પદાધિકારીઓ સાથે મળીને મનરેગા યોજના હેઠળના જોબકાર્ડમાં કૌભાંડ આચરવામાં આવ્યું હતું. ગ્રામ પંચાયતોમાં બોગસ જોબકાર્ડ બનાવી તેમાં પણ એક જ કુટુંબના સભ્યોના જોબકાર્ડ બનાવી ૧૦૦ દિવસ ઉપરાંતની રોજગારી પુરી પાડી ત્રણે પંચાયતોમાં મનરેગા હેઠળ ૧૮૫૭ બોગસ જોબકાર્ડ બનાવી નાણાંકીય કૌભાંડ આચરવામાં આવ્યું હતું.

ઘોઘંબાની જોરાપુરા (વાંગરવા) પંચાયતમાં ૭૨૧ બોગસ જોબકાર્ડ બનાવી રૂા.૨૮૩૮૪ લાખ,

> ઘોઘંબા તાલુકાના તત્કાલીન 5 તાલુકા વિકાસ અધિકારી, ત્રણ પંચાયતના 5 સરપંચ, 9 તલાટી કમ મંત્રી, 7 જી.આર.એસ., 10 ટેકનીકલ આસીસ્ટન્ટ, 6 એપીઓ, 3 એમ.આઈ.એસ., 4 અ.મ.ઈ., 1 આંકડા અધિકારી, 1 આસી વર્ક મેનેજર.

પાલ્લા ગ્રામ પંચાયતમાં ૩૫૭ બોગસ જોબકાર્ડ બનાવી રૂા.૧૨.૯૪ લાખ, માલુ ગ્રામ પંચાયતમાં ૭૭૯ બોગસ જોબકાર્ડ બનાવી રૂા.૩૮ લાખ મળી કુલ ૮૦ લાખ રૂપીયાનું નાણાંકીય કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનું તપાસમાં કમીટીના અહેવાલ મુજબ માલુ ગ્રામ પંચાયતમાં સરપંચો અને સરકારી કર્મચારીઓના મેળાપીપણામાં એક કુટુંબના ડુપ્લીકેટ જોબકાર્ડ બનાવી ડબલ હાજરી પુરી વેતનની રકમ બે વખત મેળવી સરકાર સાથે છેતરપિંડી કરવામાં આવી હતી. તેમાં સરપંચ, તલાટી કમ મંત્રી, ગ્રામ રોજગાર સેવક તેમજ અન્ય અધિકારી-પદાધિકારીઓ સંયુકત જવાબદારી થતી હોય જેવી રૂા.૩૮,૩૬,૬૪૫/-લાખની સરકારી નાણાંની વસુલાત કરવા જવાબદાર ઠેરવેલ સામે ફરિયાદ નોંધાઈ જોરાપુરા (વાંગરવા)માં મનરેગા યોજના અંતર્ગત બોગસ જોબકાર્ડ બનાવી રૂ।.૨૮,૮૪,૫૯૮/-લાખની નાણાંકીય કૌભાંડ માટે પદાધિકારી અને અધિકારી-કર્મચારીઓ મળી ૨૨ લોકો વિરૂદ્ધ દામાવાવ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

પાલ્લા ગ્રામ પંચાયતમાં મનરેગા યોજના હેઠળ ૩૫૭ બોગસ જોબકાર્ડ બનાવી ૧૦૦ દિવસ ઉપરાંતની રોજગારી આપીને રૂ।.૧૨,૯૪,૨૨૨/-લાખની નાણાંકીય ગેરરીતિ માટે જવાબદાર સરપંચ, તલાટી કમ મંત્રી અને પદાધિકારી, કર્મચારી મળી ૨૩ લોકો વિરૂદ્ધ દામાવાવ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે. ઘોઘંબા તાલુકાની ત્રણ ગ્રામ પંચાયતોમાં સામે આવેલ મનરેગા યોજના હેઠળ બોગસ જોબકાર્ડ બનાવી તેમાં પણ એક કુટુંબના સભ્યોના જોબકાર્ડ ઉપર ૧૦૦ દિવસ ઉપરાંતની રોજગારી પુરી પાડીને આચરવામાં આવેલ નાણાંકીય કૌભાંડ તપાસમાં ખુલતા આખરે પોલીસ ફરિયાદ નોંધાવા પામી છે. ત્રણ ગ્રામ પંચાયતોના વિરૂદ્ધ દામાવાવ પોલીસ મથકે નોંધાયેલ ફરિયાદ મુજબ ઘોઘંબા તાલુકાના તત્કાલીન ૫ તાલુકા વિકાસ અધિકારી, ૩ પંચાયતના સરપંચ ૫ સરપંચ, ૯ તલાટી કમ મંત્રી, ૭ જી.આર.એસ., ૧૦ ટેકનીકલ આસીસ્ટન્ટ, ૬ એપીઓ, ૩ એમ.આઈ.એસ., ૪ અ.મ.ઈ., ૧ આંકડા અધિકારી, ૧ આસી વર્ક મેનેજર મળી કુલ ૫૧ લોકો વિરૂદ્ધ ફરિયાદ નોંધાતા જીલ્લામાં હડકંપ મચી જવા પામ્યો છે.

## નોંધાયેલ ફરિયાદમાં પદાઅધિકારીઓ અને કર્મચારીઓના નામો

### (૧) પાલ્લા ગ્રામ પંચાયતમાં....

૧. ભવાનસિંહ ગુમાનસિંહ રાઠવા (સરપંચ), ૨. રમીલાબેન રૂપસિંગભાઈ રાઠવા (સરપંચ), ૩. પી.બી.મકવાણા (ત.ક.મંત્રી), ૪. રાઠવા એન.બી. (જી.આર.એસ.), ૫. એમ.એમ.પટણી (તાલુકા વિકાસ અધિકારી), ૬. એસ.વાય.ગોસાવી (તાલુકા વિકાસ અધિકારી), ૭. એન.ઝેડ.મુનિયા (તાલુકા વિકાસ અધિકારી), ૮. જે.આર.પટેલ (તાલુકા વિકાસ અધિકારી), ૯.વી.એમ.પરમાર (તાલુકા વિકાસ અધિકારી), ૧૦. કે.આર.ચૌધરી (અ.મ.ઈ), ૧૧. પી.એન.રામનંદી (અ.મ.ઈ.), ૧૨. બી.ટી.મેસુરીયા (અ.મ.ઈ.), ૧૩. યુ.જે.પરમાર (એ.પી.ઓ.), ૧૪.બી.એમ.પટેલ (એ.પી.ઓ.), ૧૫. એન.એચ.વણકર (આસી.વર્કસ મેનેજર), ૧૬. એન.પી.શાહ (ટી.એ.), ૧૭.જે.એમ.પટેલ ( ટી.એ.), ૧૮. એ.એન.પંચાલ (એમ.આઈ.એસ.), ૧૯. વી.ડી.પરમાર (એમ.આઈ.એસ.), ૨૦.આર.આઈ.વરીયા (એમ.આઈ.એસ.), ૨૧. બી.બી.પઢીયાર (આંકડા અધિકારી).

### (૨) જોરાપુરા (વાંગરવા) ગ્રામ પંચાયત.....

૧. રમેશભાઈ સાવકુણભાઈ બારીયા (સરપંચ), ૨. એન.વી.પરમાર (તલાટી કમ મંત્રી), ૩.પી.આર.પટેલ (તલાટી કમ મંત્રી), ૪. એસ.સી.સુથાર (તલાટી કમ મંત્રી), ૫. સી.સી.રાઠવા (તલાટી કમ મંત્રી), ૬. કે.જી.બારીયા ( જી.આર.એસ.), ૭. એચ.બી.પટેલીયા (જી.આર.એસ.), ૮. એસ.વાય.ગોસાવી (ટી.ડી.ઓ.), ૯. એન.ઝેડ.મુનીયા (ટી.ડી.ઓ.), ૧૦. જે.આર.પટેલ (ટી.ડી.ઓ.), ૧૧. એચ.એ.પટેલ (ટી.એ.).

### (૩) માલુ ગ્રામ પંચાયતમાં....

૧. લલુભાઈ કલજીભાઈ રાઠવા (સરપંચ), ૨. રમીલાબેન ગણપતભાઈ નાયક (સરપંચ), ૩. વી.વી.રાવત (તલાટી કમ મંત્રી), ૪. એસ.બી.રાવત (તલાટી કમ મંત્રી), ૫. એલ.ઝેડ.રાઠવા (તલાટી કમ મંત્રી), ૬. કે.બી.બારીયા (જી.આર.એસ.), ૭. એચ.ડી.સોલંકી (જી.આર.એસ.), ૮. એ.આર.બારીયા (જી.આર.એસ.), ૯. એસ.એન.રાઠવા (જી.આર.એસ.), ૧૦. કે.આર.ચૌધરી (અ.મ.ઈ -ટી.એ.), ૧૧. પી.એમ.રામનંદી (અ.મ.ઈ.), ૧૨. બી.ટી.મસુરાયા (અ.મ.ઈ.), ૧૩. યુ.જે.પરમાર (એ.પી.ઓ.), ૧૪.બી.એમ.પરમાર (એ.પી.ઓ.), ૧૫. એન.એચ.વણકર (આસી.વર્કર મેનેજર), ૧૬. જે.એમ.પટેલ (ટી.એ.), ૧૭. વી.બી.પંચાલ (ટી.એ.).

## ગોધરાના ચુનીલાલ ધારાસીયાણીની અપ્રમાણસરની મિલ્કતના ગુન્હામાં અન્ય આરોપીઓને બચાવ્યાના આક્ષે કરતાં સેશન્સ કોર્ટ દ્વારા જવાબ રજુ કરવા એસીબીને નોટીસ અપાઈ

ગોધરા,

પંચમહાલ જીલ્લા પંચાયત હસ્તકના માર્ગ અને મકાન વિભાગના માર્ગ અને મકાન વિભાગના સુપરવાઈઝર બાદ ના.કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ બજાવી ચુકેલ ચુનીલાલ ધારાસીયાણી દ્વારા ફરજ કાળ દરમિયાન ભ્રષ્ટાચાર આચરી અઘઘ અપ્રમાણસર મિલ્કતો વસાવી હોવાથી તપાસ એસીબી તપાસ કરી ૫.૪૭ કરોડની અપ્રમાણસર મિલ્કતો મળી આવતાં ગુન્હો નોંધી તપાસ હાથ ધરાઈ હતું પરંતુ એસીબી દ્વારા અન્ય આરોપીઓની ગુનામાં તપાસ નહિ કરી આરોપીઓને બચાવવામાં આવ્યા હોવાના આક્ષેપ સાથે ફરિયાદીએ ગોધરા સેશન્સ કોર્ટમાં ફરિયાદ કરતાં કોર્ટ દ્વારા એસીબીને ૨૨/૫/૨૦૨૩ નારોજ રિપોર્ટ કોર્ટમાં રજુ કરવાનો આદેશ કરવામાં આવ્યો.

પંચમહાલ જીલ્લા પંચાયત હસ્તકના માર્ગ અને મકાન વિભાગના સુપરવાઈઝર બાદમાં ના.કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ બજાવી ચુકેલ ચુનીલાલ ધારાસીયાણી એ ફરજ ઉપર ભ્રષ્ટાચાર આચરીને વસાવેલ અપ્રમાણસર મિલ્કત બાબતે કાલોલના વિરલ ગોસ્વામી એ ગોધરા સેશન્સ કોર્ટમાં ફરિયાદ દાખલ કરતાં કોર્ટ દ્વારા અપ્રમાસણર મિલ્કત સંબંધે એસીબીને તપાસ સોંપવામાં આવી હતી. તે તપાસના કામે ગુન્હા નં.૩/૨૦૨૧ થી એસીબી એ ૫.૫૦ કરોડની ફરિયાદ દાખલ કરી ફકત એક આરોપી ચુનીલાલ ધારાસીયાણીને જાહેર કરેલ અને એસીબી દ્વારા અન્ય આરોપીને મદદ કરી કાર્યવાહી કરી નથી અને ફકત અમુક જ મિલ્કતો સામે કાર્યવાહી કરી આરોપીઓને બચાવ્યા છે. આરોપી સહિત અન્ય ભાગીદારો સામે એસીબી કાર્યવાહી કરતી ન હોય અને સેશન્સ કોર્ટમાં વધુ મિલ્કતો જેથી બજાર કિંમત કરોડોમાં હોય તે ફરિયાદમાં જાહેર થયેલ ના હોય તે જોતાં એસીબીના અધિકારીઓ આરોપીઓના ગુન્હામાં મદદ કરેલ હોય તે તમામ પુરાવા કોર્ટમાં જાહેર થયા હતા. ત્યારે કોર્ટમાં પુરાવા જોતા એસીબી છેલ્લા ૧૬ વર્ષથી તપાસ કરે છે અને મિલ્કતો સામે તપાસમાં કાર્યવાહી કરી નથી. તેવા આક્ષેપ સાથે અરજદારની રજુઆતને ધ્યાનમાં લઈને નામદાર કોર્ટના જજ કે.આર.રબારી દ્વારા એસીબીને નોટીસ આપીને ૨૨ મે ૨૦૨૩ના રોજ જવાબ રજુ કરવાનો હુકમ કરવામાં આવ્યો.

### પંચમહાલ જીલ્લામાં ‘‘નલ સે જલ’’યોજનામાં થયેલ

## ગેરરીતિ અને ભ્રષ્ટાચારની ન્યાયિક તપાસ કરી યોજનાને જમીની સ્તરે સાર્થક કરવાની માંગ સાથે જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા DDOને લેખિત રજુઆત



ગોધરા,

પંચમહાલ જીલ્લામાં ‘‘નલ સે જલ’’ યોજનાની કામગીરી ગ્રામ્ય અને કસ્બા વિસ્તારમાં કરોડો રૂપીયાના ખર્ચ થયેલ છે. પરંતુ હજુ સુધી નલ સે જલ યોજનાનું પાણી લોકો સુધી પહોંચી શકયું નથી. ત્યારે આકરા ઉનાળામાં લોકોને પાણી માટે વલખાં મારવા પડતા હોય તેવા સમયે લોકોને પાણીની સુવિધા મળે તેવી કાર્યવાહી કરવા પંચમહાલ જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા જીલ્લા વિકાસ અધિકારીને લેખિત રજુઆત કરાઈ.

પંચમહાલ જીલ્લામાં લાંબા સમયથી ‘‘નલ સે જલ’’ યોજનાની કામગીરી ગ્રામ્ય વિસ્તારો તેમજ કસ્બા વિસ્તારોમાં કરોડો રૂપીયાના ખર્ચ કરાઈ છે. પરંતુ ‘નલ સે જલ’ યોજનાનું પાણી જરૂરીયાતમંદ પરિવારોના ઘર સુધી શુધ્ધ પીવાનું પાણી પહોંચી શકયું નથી. જે દુઃખદ અને ચિંતાનો વિષય છે. હાલ કારમા ઉનાળાની સીઝનમાં આકરી ગરમીમાં જીલ્લાના છેવાડાના ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યા ઉભી થયેલ જોવા મળે છે. જીલ્લામાં અનેક ગ્રામ્ય વિસ્તારો અને કસ્બામાં પાણીની લાઈનો નાખવામાં આવેલ છે પણ નળ શોભાના ગાંઠીયા સમાન જોવાય છે. જીલ્લામાં કેટલીક જગ્યાએ ‘નલ સે જલ’ યોજના અંતર્ગત બનેલ પાણીની ટાંકીઓ પણ જર્જરીત થવા આવી છે. પરંતુ પ્રજા સુધી પાણી પહોંચ્યું નથી. સરકાર દ્વારા પ્રજાને પાણીનો લાભ આપવા જનતાના કરોડો રૂપીયા ખર્ચાઈ ચુકયા છે. પરંતુ ‘‘નલ સે જલ’’ યોજનામાં વ્યાપક ગેરરીતિ, અનિયમિતતા, લાલીયાવાડી અને ભ્રષ્ટાચારને લઈ પ્રજાને યોજનાનો લાભ મળી શકયો નથી. પંચમહાલ જીલ્લામાં ‘નલ સે જલ’ યોજનામાં થયેલ કામગીરી માટે રાજ્ય સ્તરની તટસ્થ તપાસ કરી આ યોજનાને જમીની સ્તરે સાર્થક કરવા માટે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ સાથે પંચમહાલ કોંગ્રેસ સમિતિના અજીતસિંહ ભાટી દ્વારા જીલ્લા વિકાસ અધિકારીને લેખિત રજુઆત કરાઈ.

## સુમગલમ ફાઉન્ડેશન દ્વારા સુજલામ સુફલામ જળ અભિયાનનો કાર્યક્રમ યોજાયો



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

સુમગલમ ફાઉન્ડેશન દ્વારા સુજલામ સુફલામ જળ અભિયાન ૨૦૨૩ અંતર્ગત ઘોઘબા તાલુકાના પોચલી ગામમાં ચેકડેમ રીનોવેશન તથા ચેકડેમ ઊંડા કરવા માટે ભૂમિ પૂજન કરવામાં આવ્યું આ કાર્યક્રમમાં ઘોઘબા તાલુકાના નાયબ મામલતદાર વિક્રમભાઈ રાઠવા, સરસવા ગામના સરપંચ જીવણભાઈ, તાલુકા પંચાયત સદસ્ય સુનિલભાઈ અને એલ,ઝેડ, ડબલ્યું,એલ મોટર્સ ઈન્ડિયા લિમિટેડ મેનેજમેન્ટ પરિવારના અધિકારીઓ તેમજ સરસવા અને પોચલી ગામના મોટી સંખ્યામાં આગેવાનો હાજર રહ્યાં હતા.

## મૈત્રી મંડળ ટ્રસ્ટ મુંબઈ, વડોદરા, આણંદ દ્વારા હાલોલની હેલ્પિંગ અનાથ આશ્રમમાં વિનામૂલ્ય કપડાનું વિતરણ કરવામાં આવ્યુ



હાલોલ,

ચિલ્ડ્રન એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત હેલ્પિંગ ધ હેન્ડ અનાથ આશ્રમ હાલોલના ૨૫ જેટલા માનસિક અસવસ્થ લોકોને મૈત્રી મંડળ ટ્રસ્ટ મુંબઈ વડોદરા આણંદ દ્વારા કપડાની મદદ કરવામાં આવેલ આવી. જેમાં તમામ જરૂરિયાતમંદ લોકોને ટીશર્ટ તથા પેન્ટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સંસ્થા દ્વારા બજારમાં તથા ગામડાઓમાં વિખુટ પડી ગયેલા બિનવારસી લોકોને સાચવીને બે ટાઈમ ભોજન રહેવાનું તથા ચા નાસ્તાની સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવે છે અને સમાજ માટે એક ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડવામાં આવ્યું. સેવાભાવી વ્યકિતત્વ ધરાવતા શિવરાજસિંહ પરમાર તથા પ્રાથમિક શિક્ષક રાજેશભાઈ પટેલ દ્વારા જરૂરિયાત મંદ લોકો સુધી પહોંચીને વિનામૂલ્ય સેવા પૂરી પાડવામાં આવી. ત્યારે મૈત્રી મંડળ સેવા ટ્રસ્ટ તથા સર્વે દાતાઓનો સંસ્થા દ્વારા આભાર વ્યકત કરે છે.

## પંચમહાલ અને દાહોદ જીલ્લાના પ્રોહિબીશન ૯ ગુન્હામાં ૧૩ વર્ષથી વોન્ટેડ આરોપીને દે.બારીયાથી ઝડપી પાડતી ગોધરા LCB પોલીસ



ગોધરા,

પંચમહાલ અને દાહોદ જીલ્લા અલગ-અલગ પોલીસ મથકના પ્રોહિબીશન ગુન્હાના વોન્ટેડ આરોપીને ગોધરા એલ.સી.બી.પોલીસે બાતમીના આધારે દે.બારીયા હાટ બજાર માંથી ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ પંચમહાલ અને દાહોદ જીલ્લાના વિવિધ પોલીસ મથકમાં પ્રોહિબીશનના ગુન્હામાં આરોપી ધુળાભાઈ ઉર્ફે ધુળસીંગ બચુભાઈ રાઠવા (રહે. કાછલા સ્કુલ ફળીયા, તા.કઠીવાડા, અલીરાજપુર, એમ.પી.) છેલ્લા ૧૩ વર્ષથી નાસતો ફરતો વોન્ટેડ આરોપી હોય આરોપી અંગે પંચમહાલ એલ.સી.બી.ને બાતમી મળી હતી કે, આરોપી દે.બારીયા ખાતે હાટમાં ખરીદી કરવા આવનાર છે. તેવી ચોકકસ બાતમીના આધારે એલ.સી.બી.પોલીસે ખાનગી વોચ ગોઠવીને આરોપી ધુળાભાઈ ઉર્ફે ધુળસીંગ રાઠવાને ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## સરદાર સરોવર નર્મદા નિગમના વન સંરક્ષક વતી લાંચ લેતા ઝડપાયેલ વચેટીયાને ACB કોર્ટમાં રજુ કરી બે દિવસના રિમાન્ડ મેળવ્યા

ગોધરા,

પંચમહાલ ગોધરા એસીબી દ્વારા સરદાર સરોવર નર્મદા નિગમના નાયબ વન સંરક્ષક વતી લાંચ લેતા બે વચેટીયાઓને ઝડપી પાડવામાં આવ્યા હતા. બન્ને ઈસમોને એડી. સેશન્સ કોર્ટમાં રજુ કરતાં બન્ને આરોપીઓના બે દિવસના રિમાન્ડ મંજુર કરવામાં આવ્યા.

કાલોલ તાલુકા માંથી પસાર થતી નર્મદા મુખ્ય કેનાલની બન્ને સાઈડમાં વૃક્ષો રોપવા અને તેની માવજત માટેનો કોન્ટ્રાકટર આપવામાં આવેલ હોય આ કોન્ટ્રાકટર દ્વારા સરદાર સરોવર નર્મદા નિગમ લિ.ના નાયબ વન સંરક્ષકને બીલ પાસ કરવા માટે મળતાં લાંચની માંગણી કરાઈ હતી. કોન્ટ્રાકટર લાંચ આપવા માંગતા ન હોવાથી ગોધરા એસીબીમાં ફરિયાદ કરતાં એસીબીએ છટકું ગોઠવીને સરદાર સરોવર નર્મદા નિગમના નાયબ વન સંરક્ષક વતી લાંચ લેવા માટે પહોંચેલ બે વચેટીયાને ૧ લાખ રૂપીયાની લાંચ લેતા રંગેહાથે ઝડપી પાડવામાં આવ્યા હતા. ગોધરા એસીબી દ્વારા લાંચ લેતા ઝડપાયેલા બન્ને વચેટીયા આરોપીઓને એડી. સેશન્સ જજની કોર્ટમાં રજુ કરી રિમાન્ડની માંગણી કરતાં બન્ને આરોપીઓના બે દિવસના રિમાન્ડ મંજુર કરવામાં આવ્યા.

## દાહોદ શહેરના ગોધરા રોડના સાંસીવાડમાં મંદિરમાં દર્શન કરવાની બાબતે બે પક્ષો વચ્ચે ધીંગાણું પોલીસ ફરિયાદ નોંધાઈ

દાહોદ,

દાહોદ શહેરના ગોધરા રોડ સાસીવાડ ખાતે રહેતા ભારતીબેન ડાહ્યાભાઈ સાંસી તેઓ ગત તારીખ ૨૫-૪- ૨૦૨૩ના સવારના ૭:૩૦ વાગ્યાના સુમારે તેમના ઘરની બાજુમાં આવેલા મહાકાળી માતાજીના મંદિરે દર્શન કરવા માટે ગયા હતા. તે વખતે તે મહિલાના કાકા સસરા ચીમનભાઈ મેવાતી તથા તેમનો છોકરો લખણ ચીમન મેવાતી પણ મંદિરે દર્શન કરવા આવ્યા હતા અને તે વખતે ચીમનભાઈ મેવાતી એ તે મહિલાને કહ્યું હતું કે અમારા મંદિરમાં કેમ દર્શન કરવા આવ્યા છો, જેથી તે મહિલાએ જણાવ્યું હતું કે આ મંદિર તમારી માલિકીનું નથી. મારી પોતાની જમીન ઉપર બનાવેલું હોય જેથી મારી માલિકીનું છે, તેમ કહી તે મહિલા સાથે ઝઘડો તકરાર કરવા લાગતા કહ્યું હતું કે આ મંદિર સામૂહિક છે મંદિરમાં કોઈપણ માણસ દર્શન કરવા તેમજ પૂજા કરવા માટે આવી શકે છે. તેવું તે મહિલાએ જણાવતા આ બંને લોકો ઉશ્કેરાઈ ગયા હતા અને તે મહિલા સાથે ઝઘડો તકરાર કરવા લાગતા તે મહિલાએ બુમાબુમ કરતા તેમના પતિ ડાહ્યાભાઈ સાંસી અને તે મહિલાના જેઠ વિજયભાઈ સાંસી તેમજ તે મહિલાનો ભત્રીજો આનંદભાઈ સાંસી અને અમનભાઈ સાસી આ ચાર લોકો આવી જતા બંને પતિ પત્નીએ તે મહિલાને જણાવ્યું હતું. આ મંદિર અમારી માલિકીનું છે અહીંયા અમારા મંદિર હવે પછી બીજીવાર મંદિરે દર્શન કરવા આવશો નહીં તો જાનથી મારી નાખીશું તેમ કહી અપશબ્દો બોલી તેમના ઘર તરફ જતા રહ્યા હતા. ત્યારે તે મહાકાળી માતાજીના મંદિરમાં દર્શન કરવાની બાબતને લઈને બે પક્ષો વચ્ચે ધીંગાણું સર્જાતા ગોધરા રોડ ખાતે રહેતી મહિલા ભારતીબેન ડાહ્યાભાઈ સાંસીએ એ ડિવિઝન પોલીસ મથક ખાતે ચીમનભાઈ મેવાતી અને લખનભાઈ ચીમનભાઈ મેવાતી વિરૂદ્ધ મારામારીનો ગુનો નોંધાવતા એ ડિવિઝન પોલીસે ઉપરોક્ત બનાવ સંદર્ભે બંને પતી પત્ની સામે ગુનો દાખલ કરી આગળની વધુ તપાસ હાથ ધરી હતી.

## દાહોદ પાલિકાના ૯ વોર્ડમાં દરેક વિસ્તારોમાં પાલિકાની ટીમ કરશે ભૂતિયા પાણી કનેકશન સર્વે પાલિકા ખાતેથી પ્રમુખ દ્વારા અપાઈ માહિતી

દાહોદ,

દાહોદ શહેરમાં પાલિકા દ્વારા હવે દરેક વોર્ડ નંબર-૧ થી વોર્ડ નંબર ૯ સુધી દરરોજ પાલિકાની જુદી જુદી ટીમો દ્વારા દરેક વિસ્તારોમાં ઘરે ઘરે ફરીને પીવાના પાણીના નળ કનેક્શનનું સર્વે કરાશે જેમાં દાહોદ પાલિકાની ટીમ વિસ્તારોમાં ફરશે અને કડાણા તેમજ પાટા ડુંગરી સ્તિથ જળાશયો માંથી આપવામાં આવતા પાણીના નળ કનેક્શનનું સર્વે કરવામાં આવશે જેમાં ભૂતિયા કનેક્શન ધારક હશે તો તે કનેક્શન પાલિકાની વોટર સપ્લાયની ટીમ તેનું જોડાણ બંધ કરી અને પાલિકા ખાતે રિપોર્ટ સોંપશે જેમાં પાલિકા પ્રમુખ દ્વારા માહિતી આપતા જણાવાયું હતુંકે દાહોદ શહેરના પાલિકાના દરેક વોર્ડના વિસ્તારોમાં વોટર સપ્લાયની ટીમ ભૂતિયા કનેકશનોનું સર્વે કરશે અને તેનું જોડાણ બંધ કરી પાલિકાની ટીમ અધિકારીને રિપોર્ટ સોંપશે જોકે હાલતો પાલિકા પ્રમુખના જણાવ્યા અનુસાર ભૂતિયા પાણીના નળ કનેકશન બાબતે શું કાર્યવાહી અને દંડ કરવામાં આવશે તે હજુ નક્કી નથી કરાયું પરંતુ વોટર્સસપ્લાય ચેરમેન જોડે બેઠક બાદ નિર્ણય લેવાશે તેવું જણાવાયું હતું જોકે હાલતો પાલિકાની વોટર્સ સપ્લાયની ટીમે શહેરમાં લાગેલા ભૂતિયા પાણીના નળ કનેક્શન માટેનું સર્વે હાથ ધરવાનું ચાલુ કરી દેવામાં આવ્યું છે તેવી માહિતી પાલિકા પ્રમુખ રીનાબેન પંચાલ દ્વારા ૨૬મી એપ્રિલના રોજ આપવામાં આવી હતી.

## હાર્દિક પટેલને સુપ્રીમ કોર્ટમાંથી રાહત મળી, પાટીદાર આંદોલન સમયે હિંસાના કેસમાં જામીન મળ્યા

અમદાવાદ,

સુપ્રીમ કોર્ટે શુક્રવારે ભાજપના નેતા હાર્દિક પટેલને ગુજરાતમાં ૨૦૧૫ના પાટીદાર આંદોલન દરમિયાન થયેલા રમખાણો, હિંસા અને આગચંપી કરવાના કેસમાં જામીન આપ્યા છે. આ કેસમાં સર્વોચ્ચ અદાલત દ્વારા અગાઉ અપાયેલી વચગાળાની રાહતને ન્યાયમૂર્તિ એએસ બોપન્ના અને હિમા કોહલીની ખંડપીઠે નિરપેક્ષ ઠેરવી હતી. સુપ્રીમ કોર્ટે ફેબ્રુઆરી ૨૦૨૦માં હાર્દિક પટેલને ધરપકડથી વચગાળાનું રક્ષણ આપ્યું હતું જે તે સમયે કોંગ્રેસ પાર્ટીના નેતા હતા. પટેલે ૨૦૧૫ના કેસમાં તેમને આગોતરા જામીન નકારતા હાઈકોર્ટના નિર્ણય સામે સુપ્રીમ કોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો. હાર્દિક પટેલને શરૂઆતમાં મહેસાણાની નીચલી કોર્ટે દોષિત ઠેરવ્યા હતા અને બે વર્ષની જેલની સજા ફટકારી હતી. તેમણે ગુજરાત હાઈકોર્ટનો સંપર્ક કરીને તેમની સજાને સસ્પેન્ડ કરવાની માંગ કરી હતી જેથી તેઓ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી લડી શકે. જોકે આ અરજી હાઈકોર્ટે ફગાવી દીધી હતી. ત્યારબાદ તેમણે આ આદેશ સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી, જેને ગયા વર્ષે એપ્રિલમાં દોષિત ગણાવવા પર પ્રતિબંધ મૂકયો હતો.

## ખાલી જગ્યા ભરવા ૧૫ દિવસ પહેલા નોટિફિકેશન કરાવવું ફરજીયાત

દાહોદ,

દાહોદ નગર અને જિલ્લામાં આવેલા ઉદ્યોગો એકમો તેમજ સંસ્થાઓ ખાલી પડેલી જગ્યાઓ અંગે જિલ્લા રોજગાર કચેરીને ફરજીયાત જાણ કરવાની હોય છે. તે અંતર્ગત આ નોકરી દાતાઓએ અનુબંધન પોર્ટલ પર ઓનલાઈન નોંધણી કરવા માટે તાકીદ કરવામાં આવી છે. દાહોદ શહેર-જીલ્લામાં આવેલા જાહેરક્ષેત્ર અને ખાનગી ક્ષેત્રનાં તમામ એકમો-સસ્થા જેવા કે કારખાના, ઓફીસ, શાળા-કોલેજો, હોસ્પિટલ, હોટેલ, પેટ્રોલપંપો, મોલ, શોરૂમ, ટ્રસ્ટ,બેન્કોએ દર ત્રિમાસિક ઈ.આર.૧ રીટર્ન તેમજ ઉત્પાદનલક્ષી એકમોએ એકમોએ દર છ માસિક ૮૫%નું રીટર્ન ૩૦ દિવસમાં જીલ્લાની રોજગાર કચેરી દાહોદને મોકલવુ ફરજીયાત છે. તેમજ કોઈપણ ખાલી જગ્યા ભરતા પહેલા ૧૫ દિવસ પહેલા રોજગાર કચેરી દાહોદને નોટીફીકેશન કરાવવું અથવા અનુબંધમ પોર્ટલ પર જોબ પોસ્ટ કરવી ફરજીયાત છે. રોજગારી શોધમા હોય તેવા જોબસીકર અને માનવબળની શોધમા હોય તેવા એમ્પ્લોયરે ૩૦.૪.૨૦૨૩ સુધિ અનુબંધમ પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવી લેવા વિનંતી છે. તેમજ જે સંસ્થા એકમોએ સીએનવી એકટ હેઠળનુ માર્ચ-૨૦૨૩ અંતિત ત્રીમાસીક ઈ આર ૧ રીટર્ન રોજગાર કચેરી, ત્રીજો માળ, જીલ્લા સેવા સદન, છાપરી દાહોદને રૂબરૂ અથવા ઈમેલ થી સબમીટ કરવાનુ બાકી હોયતો ૩૦.૪.૨૦૨૩ સુધિ ફરજીયાત સબમીટ કરવા જિલ્લા રોજગાર અધિકારીએ જણાવ્યું છે. સબમીટ ન કરનાર સામે નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે.